પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૬૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૨-૦૩-૨૦૨૪ મંગળવાર● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આનાથી પીડિત લોકોને ભારતમાં નાગરિકતા મેળવવાનો માર્ગ મોકળો થશે.

## કેન્દ્રની મોદી સરકારે સીએએ કાયદો લાગુ કરવાની જાહેરાત કરી છે.ભાજપના ૨૦૧૯ના મેનિફેસ્ટોનો અભિન્ન ભાગ હતો.

નવીદિલ્હી,

કેન્દ્રની મોદી સરકારે નાગરિકતા સંશોધન કાયદા અંગે નોટિફિકેશન બહાર પાડી દીધુ છે. લોકસભા ચૂંટણી પહેલા કેન્દ્ર સરકારનું આ મોટું પગલું ગણી શકાય. હવે ત્રણ પાડોશી દેશોના અલ્પસંખ્યકોને ભારતની નાગરિકતા મળી શકશે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરાયેલા ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવી પડશે. વાત જાણે એમ છે કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપે સીએએને પોતાના ચૂંટણી ઢંઢેરામાં સામેલ કર્યો હતો. પાર્ટીએ મોટો મુદ્દો બનાવ્યો હતો.સીએએ સંસદથી પસાર થયે આમ તો લગભગ પાંચ વર્ષ વીતી ચૂક્યા છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ૨૭ ડિસેમ્બરે કહ્યું હતું કે સીએએના અમલને કોઈ રોકી શકે નહીં કારણ કે તે દેશનો કાયદો છે. તેમણે પશ્ચિમ




બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર આ મુદ્દે લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો. કોલકાતામાં ભાજપની બેઠકને સંબોધિત કરતી વખતે શાહે કહ્યું હતું કે સીએએ લાગુ કરવું એ પાર્ટીની પ્રતિબદ્ધતા છે. આ માટે એક પોર્ટલ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જેના દ્વારા નાગરિકતા માટે અરજી કરી શકાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આ માટેની તમામ ઔપચરિકતાઓ પૂર્ણ કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, 'નાગરિકતા સુધારા કાયદા'ના નિયમોના અમલીકરણ અંગે, પહેલેથી જ કહી ચૂક્યા છે કે લોકસભા ચૂંટણી માટે આચારસંહિતા લાગુ થાય તે પહેલાં, ત્રણ દેશોના છ બિન-મુસ્લિમ સ્થળાંતર સમુદાયના લોકો ભારતીય નાગરિકતા મેળવવાના અધિકારનો વિસ્તાર કરવામાં આવશે.સૂત્રોના જણાવ્યા અનુસાર,સીએએ નિયમો લાગુ કરવાની પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. થોડા દિવસો પહેલા, કેન્દ્રીય ગૃહ મંત્રાલયને નાગરિકતા સંશોધન અધિનિયમ, ૨૦૧૯ માટે નિયમો ઘડવા માટે લોકસભામાં ગૌણ કાયદા પરની સંસદીય સમિતિ તરફથી વધુ એક વિસ્તરણ મળ્યું હતું. અગાઉની સર્વિસ એક્સટેન્શનની મુદત ૯ જાન્યુઆરીએ પૂરી થઈ હતી.સીએએના નિયમો તૈયાર કરવા માટે ગૃહ મંત્રાલયને સાતમી વખત એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. અગાઉ, ગૃહ મંત્રાલયને આ વિષય પર નિયમો બનાવવા અને લાગુ કરવા માટે રાજ્યસભામાંથી ૬ મહિનાનું વિસ્તરણ પણ મળ્યું હતું.સીએએ નિયમો હેઠળ, અરજીઓ ઓનલાઈન પોર્ટલ દ્વારા આમંત્રિત કરવામાં આવશે. આ પ્રક્રિયાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. નાગરિકતા સંશોધન કાયદાના નિયમો હેઠળ, ભારતના ત્રણ મુસ્લિમ પાડોશી દેશો, જેમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે, ના બિન-મુસ્લિમ ઈમિગ્રન્ટ્સ માટે ભારતીય નાગરિકતા મેળવવાના નિયમો સરળ બનશે. આ છ સમુદાયોમાં હિન્દુ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌદ્ધ અને પારસીનો સમાવેશ થાય છે. નાગરિકતા સંશોધન બિલ ૧૧ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. આ બિલને માત્ર એક દિવસ પછી રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ. ઝછછ દ્વારા, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને ખ્રિસ્તી સમુદાયના લઘુમતીઓને ભારતીય નાગરિકતા મેળવવી સરળ બનશે.સીએએ પોતે જ, કોઈપણ વ્યક્તિને નાગરિકતા આપતું નથી. આ દ્વારા, પાત્ર વ્યક્તિ અરજી કરવા માટે પાત્ર બને છે. આ કાયદો ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અથવા તે પહેલા પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી ભારત આવેલા લોકો પર લાગુ થશે. આમાં, સ્થળાંતર કરનારાઓએ સાબિત કરવું પડશે કે તેઓ કયા સમયગાળા માટે ભારતમાં રહ્યા છે. તેઓએ એ પણ સાબિત કરવું પડશે કે તેઓ તેમના દેશોમાંથી ધાર્મિક ઉત્પીડનને કારણે ભારત આવ્યા છે. તેઓ એવી ભાષાઓ બોલે છે જે બંધારણની આઠમી અનુસૂચિમાં સામેલ છે. તેઓએ સિવિલ કોડ ૧૯૫૫ની ત્રીજી અનુસૂચિની જરૂરિયાતોને પણ પૂર્ણ કરવી પડશે. આ પછી જ સ્થળાંતર કરનારાઓ અરજી કરવા પાત્ર બનશે.કોંગ્રેસે સીએએએ લાગુ કરવાના સમય પર સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું, ''મોદી સરકારને ડિસેમ્બર ૨૦૧૯ માં સંસદ દ્વારા પસાર કરાયેલ નાગરિકતા સંશોધન કાયદાના નિયમોને સૂચિત કરવામાં ચાર વર્ષ અને ત્રણ મહિના લાગ્યા. વડાપ્રધાન દાવો કરે છે કે તેમની સરકાર ખૂબ જ વ્યાવસાયિક રીતે અને સમયસર કામ કરે છે.તેમણે કહ્યું, ''સીએએના નિયમોને સૂચિત કરવામાં આટલો સમય લાગવો એ વડાપ્રધાનના સફેદ જૂઠાણાનું બીજું ઉદાહરણ છે. ''નિયમોના નોટિફિકેશન માટે નવ એક્સટેન્શનની માંગણી કર્યા પછી, લોકસભાની ચૂંટણી પહેલાનો સમય ઈરાદાપૂર્વક જાહેરાત કરવા માટે પસંદ કરવામાં આવ્યો છે.''જયરામે કહ્યું, ''આ સ્પષ્ટપણે આસામ અને બંગાળમાં ચૂંટણીના ધ્રુવીકરણ માટે કરવામાં આવ્યું છે. ચૂંટણી બોન્ડ કૌભાંડ પર સુપ્રીમ કોર્ટની કડક ઠપકો અને કડકાઈ બાદ હેડલાઈન્સને મેનેજ કરવાનો પ્રયાસ હોવાનું પણ જણાય છે.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે ભાજપ હવે આ મુદ્દો લોકસભાની ચૂંટણી જીતવા માટે માત્ર મતો માટે ઉઠાવી રહી છે. ચૂંટણી નજીક આવતાં જ ભાજપે રાજકીય લાભ મેળવવા માટે ફરીથી સીએએનો મુદ્દો ઉઠાવ્યો છે. પરંતુ હું સ્પષ્ટ કરી દઉં કે જ્યાં સુધી હું જીવિત છું ત્યાં સુધી બંગાળમાં આવું થવા દઈશ નહીં.ભાજપના દિગ્ગજ મુસ્લિમ નેતા શાહનવાઝ હુસૈને તેને મોદી સરકારનો મોટો નિર્ણય ગણાવ્યો છે. શાહનવાઝ હુસૈને તેના પર લખ્યું હતું કે "ધાર્મિક લઘુમતીઓને નાગરિકતા આપો. આ સંપૂર્ણપણે ભારતના બિનસાંપ્રદાયિક ઓળખપત્ર સાથે સુસંગત છે."આ અંગે શિવસેના (ઉદ્ધવ જૂથ)ના નેતા સંજય રાઉતે કહ્યું કે બધું હિન્દુ-મુસ્લિમ કરશે, ભારત અને બાંગ્લાદેશ કરશે. ભારત-પાકિસ્તાન કરશે, આ તેમની રમત છે. ૩૭૦ હટાવી, શું થયું, કાશ્મીરી પંડિતો આવ્યા છે? શું પોક આવી ગયું છે? ચીને લદ્દાખમાં પ્રવેશ કર્યો. તમે શું કર્યું ? હવે જ્યાં સુધી ચૂંટણી છે ત્યાં સુધી આ સીએએ ચાલશે.સીએએ લાગુ થયા બાદ દિલ્હીના શાહીન બાગમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. શાહીન બાગમાં સુરક્ષા દળોએ ફ્લેગ માર્ચ કરી. દિલ્હીના ઘણા વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.આ ઉપરાંત ઉત્તરપ્રદેશ સહિત દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાઈ છે.

## સોનાના ભાવે અગાઉના તમામ રેકોર્ડ તોડ્યા, ભાવ રૂ. ૬૭,૦૦૦ને પાર કરી ગયો

### ૨૦૨૪માં સોનું ૭૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચને પાર કરી શકે છે.

મુંબઇ,

સોનાના ભાવ રેકોર્ડ ઉંચા સ્તરેઃ સોનાના ભાવમાં વધારો અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. સોનાના ભાવ ઐતિહાસિક ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. બુલિયન માર્કેટમાં જોરદાર ખરીદીને કારણે સોનાની કિંમત ૬૭,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને પાર પહોંચી ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું પ્રતિ ઔંસ ૨૧૭૨ ડોલરની ઐતિહાસિક ટોચે ટ્રેડ કરી રહ્યું છે, જેના કારણે સ્થાનિક બુલિયન માર્કેટમાં પણ સોનાના ભાવમાં વધારો થયો છે.છેલ્લા ૧૮ દિવસમાં સોનાના ભાવમાં જબરદસ્ત વધારો થયો છે. ફેબ્રુઆરી ૨૦૨૪ના ચોથા સપ્તાહમાં સોનું ૬૨,૦૦૦ રૂપિયાની આસપાસ ટ્રેડ થઈ રહ્યું હતું. પરંતુ તે સ્તરથી બુલિયન માર્કેટમાં સોનાની કિંમત ૫૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ વધી છે અને હવે કિંમત ૬૭,૦૦૦ રૂપિયાની ઉપર ટ્રેડ થઈ રહી છે. ચેન્નાઈમાં સોનાની કિંમત ૬૭,૦૦૦ રૂપિયાથી ઉપર છે જ્યારે દિલ્હીમાં કિંમત ૬૬૪૧૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ છે.બજારના નિષ્ણાતો માને છે કે તાજેતરના સમયમાં વિશ્વભરની કેન્દ્રીય બેંકો સ્થાનિક ચલણને મજબૂત કરવા માટે સોનાની ખરીદી કરી રહી છે. કેન્દ્રીય બેંકો દ્વારા ખરીદીને કારણે માંગમાં વધારો થયો છે જેના કારણે સોનાના ભાવમાં વધારો થઈ રહ્યો છે. તેના ઉપર, યુએસ સેન્ટ્રલ બેંક વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે, જેનો તેણે પહેલેથી જ સંકેત આપ્યો છે. વ્યાજદરમાં ઘટાડાથી ડોલર સસ્તો થશે જેના કારણે સોનાના ભાવમાં વધારો થશે. આ સંભાવનાને કારણે સોનાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. ફેડરલ રિઝર્વ બેંકના ચેરમેન જેરોમ પોવેલે ગયા અઠવાડિયે ફરી સંકેત આપ્યો હતો કે યુએસ સેન્ટ્રલ બેંક આ વર્ષે વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. તેમણે કહ્યું કે સેન્ટ્રલ બેંકનો ઉદ્દેશ્ય વધુ રોજગારીનું સર્જન કરવાનો અને અમેરિકન નાગરિકો માટે કિંમતોમાં સ્થિરતા લાવવાનો છે જેથી લોકોને મોંઘવારીમાંથી રાહત મળી શકે.સોનામાં સતત વધારો અહીં અટકવાનો નથી, બજાર નિષ્ણાતો માને છે કે ૨૦૨૪માં સોનું ૭૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચને પાર કરી શકે છે.

## રાજ્યમાં ધીરે ધીરે ગરમીની શરૂઆત, ૨ થી ૩ ડિગ્રી તાપમાન વધવાની સંભાવના

અમદાવાદ,

ગુજરાત રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. હવે ગરમીની શરૂઆત થઈ જશે. અમદાવદમાં લઘુત્તમ ૧૭.૨ ડિગ્રી, મહત્તમ ૩૪.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે. ત્યારે રાજ્યમાં ધીરે ધીરે ગરમીની શરૂઆત થઈ છે. તથા મહુવામાં સૌથી વધુ લઘુત્તમ ૧૩.૫ ડિગ્રી, મહત્તમ ૩૬.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

જો કે સવારે થોડી-થોડી ઠંડી હજુ પણ અનુભવી શકાય છે. .હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ધીરે ધીરે સમગ્ર રાજ્યમાં ઠંડી હવે વિદાઈ લઈ રહી છે. છેલ્લા એક અઠવાડીયામાં તાપમાનનો પારો જોઈએ તો સતત વધારો થયો છે.રાજ્યમાં હજુ પણ મહત્તમ તાપમાનમાં વધારો થશે. હવામાન વિભાગે ૨ થી ૩ ડિગ્રી તાપમાન વધવાની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે અમદાવાદ,અરવલ્લી, ગાંધીનગર, ગીર સોમનાથ, મહેસાણા, પંચમહાલ,સુરત, વલસાડ સહિતના જિલ્લાઓમાં ૩૪ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી શક્યતા છે. ભાવનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, પાટણ, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ૩૩ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી શક્યતા છે.હવામાન વિભાગે ૨ થી ૩ ડિગ્રી તાપમાન વધવાની આગાહી કરી છે. સવારે ઠંડી જ્યારે બપોરે ગરમીનો એહસાસ થયો છે. રાજ્યમાં ધીરે ધીરે ગરમીની શરૂઆત થઈ છે. ત્યારે ઉત્તર પૂર્વીય પવનોના કારણે રાજયમાં મિશ્રઋતુ રહે છે. રાજ્યમાં મહત્તમ તાપમાનમાં વધારો થયો છે. હવે બે દિવસમાં ગરમીની શરૂઆત થઈ જશે.અમદાવદમાં લઘુત્તમ ૧૭.૨ ડિગ્રી, મહત્તમ ૩૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ છે તો ગાંધીનગરમાં લઘુત્તમ ૧૫.૫ ડિગ્રી, મહત્તમ ૩૪.૪ ડિગ્રી તાપમાન. સુરતમાં લઘુત્તમ ૧૭.૬ ડિગ્રી, મહત્તમ ૩૪.૮ ડિગ્રી તાપમાન. રાજકોટમાં લઘુત્તમ ૧૭ ડિગ્રી, મહત્તમ ૩૫.૫ ડિગ્રી તાપમાન. વડોદરામાં લઘુત્તમ ૧૬.૮ ડિગ્રી, મહત્તમ ૩૪.૬ ડિગ્રી તાપમાન. મહુવામાં લઘુત્તમ ૧૩.૫ ડિગ્રી, મહત્તમ ૩૬.૬ ડિગ્રી તાપમાન. રાજ્યમાં હજુ પણ મહત્તમ તાપમાનમાં થશે વધારો. ૨ થી ૩ ડિગ્રી તાપમાન વધવાની સંભાવના હવામાન વિભાગે દર્શાવી છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટિકિટમાં મોટું ડિસ્કાઉન્ટ, ટિકિટમાં ૫૦ ટકા રાહતની જાહેરાત



અમદાવાદ,

હવે વેકેશનનો સમય આવ્યો છે. એટલે ગુજરાતનું સૌથી આકર્ષક ટુરિઝમ સ્પોટ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રવાસીઓની મોટી ભીડ જોવા મળશે. દેશવિદેશથી ટુરિસ્ટ્સ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા જોવા આવી રહ્યાં છે. ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સત્તામંડળ દ્વારા ટિકિટમાં વિશેષ રાહતની જાહેરાત કરવામા આવી છે. સ્ટેચ્યુ ઑફ યુનિટી સત્તામંડળે શૈક્ષણિક પ્રવાસ માટે ૫૦ ટકા રાહત આપવાનો નિર્ણય લીધો છે.શૈક્ષણિક પ્રવાસ ગ્રુપને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની ટિકિટમાં રાહત મળશે. શૈક્ષણિક પ્રવાસ માટે ૫૦ ટકા રાહત આપવાનો નિર્ણય લેવાયો છે. નવા વર્ષમાં પ્રવાસીઓની સંખ્યા વધારવા એસઓયુ ઓથોરિટીએ નિર્ણય કર્યો છે. આ ઉપરાંત દિવ્યાંગ વ્યક્તિઓના ગ્રુપ, સરકારી-અર્ધ સરકારી જૂથને પણ રાહતનો લાભ મળશે. રાહતનો લાભ મેળવવા માંગતા લોકોએ ઓળખકાર્ડ સાથે રાખવાના રહેશે. ટિકિટમાં રાહત મેળવવા જૂથમાં ઓછામાં ઓછા ૧૫ લોકો જરૂરી, ૧૫થી ઓછા લોકો હશે તો સંલગ્ન ઓથોરિટી એ સમયે નિર્ણય લેશે. નિર્ણય મુજબ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, એકતા વન, ગ્લો ગાર્ડન સહિતના આકર્ષણોની ટિકિટમાં રાહત મળશે.આ અંગે જારી પરિપત્ર અનુસાર (૧) તમામ શાળા અને કૉલેજ (સરકારી અને ખાનગી બંને) દ્વારા શૈક્ષણિક પ્રવાસમાં આવતા ગ્રુપના સભ્યો, (૨) તમામ દિવ્યાંગ વ્યક્તિઓ અને દિવ્યાંગ કલ્યાણ સાથે સંકળાયેલી સંસ્થાઓના પ્રવાસમાં આવતા ગ્રુપના સભ્યો તથા (૩) તમામ સરકારી અને અર્ધસરકારી તાલીમ સંસ્થાઓ / કેન્દ્રોના શૈક્ષણિક તાલીમ પ્રવાસમાં આવતા ગ્રુપના સભ્યો -ને સ્ટેચ્યુ ઑફ યુનિટી તથા વેલી ઑફ ફ્લાવર સોસાયટી દ્વારા સંચાલિત આકર્ષણો વગેરેની મુલાકાત માટે ટિકિટમાં ૫૦ ટકાની રાહત મળશે. આ રાહતનો લાભ જે તે શાળા - કૉલેજ - સંસ્થાના ગ્રુપની સાથે આવતા સ્ટાફના સભ્યોને પણ મળશે.

## ભારતની યુવા સાયન્ટિસ્ટ ટીમ નાસા,ચોથીવાર આમંત્રણ અપાયું

નવીદિલ્હી,

અમેરિકાની સ્પેસ એજન્સી નાસા(નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન)ના કોલને ત્રણ વખત ફગાવી દીધા બાદ ભારતના સૌથી યુવા વૈજ્ઞાનિક, નવગછીયા કે લાલ તરીકે જાણીતા ગોપાલજી ચોથી વખત ત્યાં જવાની તૈયારી કરી રહ્યા છે. આ વખતે ૨૨ વર્ષના યુવા વૈજ્ઞાનિક ગોપાલજી ચંદ્ર પર ઉતરવા માટે માનવ રોવરની રજૂઆત માટે તેમની ટીમ સાથે નાસા જઈ રહ્યા છે. આ પ્રસ્તુતિ સુધી પહોંચવા માટે તેમણે વિશ્વની હજારો ટીમોને પાછળ છોડી દીધી છે અને નાસાના આ સાયન્સ ઓલિમ્પિકમાં પસંદ કરેલી ૩૦ ટીમોમાં સ્થાન મેળવ્યું છે.વાસ્તવમાં નવગછીયા કે લાલ દેશના યુવા વૈજ્ઞાનિક ગોપાલજીનું સંગઠન અને તેમની ટીમને ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ નાસા દ્વારા આયોજિત હ્યુમન એક્સપ્લોરેશન રોવર ચેલેન્જ પ્રોગ્રામ માટે પસંદ કરવામાં આવી છે. વૈજ્ઞાનિક ગોપાલજીની ટીમ નાસા જશે. સમગ્ર વિશ્વમાંથી ૩૦ ટીમો પસંદ કરવામાં આવી છે, જેમાં ગોપાલજીની સંસ્થા યંગ માઈન્ડ એન્ડ રિસર્ચ ડેવલપમેન્ટ ભારતમાંથી પસંદ કરાયેલ એકમાત્ર દ્વઈ છે જે આ કાર્યક્રમમાં ભાગ લઈ રહી છે. ગોપાલજી અને તેમની ટીમે ચંદ્ર પર ઉતરવા માટે માનવ રોવર તૈયાર કર્યું છે જેને નાસામાં રજૂ કરવામાં આવશે. આ રોવર ૧૦ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે.ગોપાલજીએ જણાવ્યું કે તાજેતરના સમયમાં ઈસરોએ ચંદ્ર પર તેનું ચંદ્રયાન મોકલ્યું અને લેન્ડિંગ સફળ રહ્યું. ત્યાં તમે લોકોએ રોવરનું નામ તો સાંભળ્યું જ હશે કે રોવર બહાર આવ્યું છે અને તે ડેટા મોકલી રહ્યું છે. એવી જ રીતે નાસા ચંદ્ર પર માણસ મોકલવા જઈ રહ્યું છે. જે ઉપકરણ પર મનુષ્ય બેસીને ચંદ્ર પર ઉતરશે તેને રોવર કહેવામાં આવે છે, તે જ રોવર અમેઅને અમારી ટીમ દ્વારા બનાવવામાં આવ્યુંછે, જેને ત્યાં નવીનતા તરીકે રજૂ કરવામાં આવશે. તેણે કહ્યું કે જો અમે જીતીશું તો તે ભારતનો પ્રથમ વખત હશે કારણ કે આજ સુધી ભારત જીત્યું નથી, પરંતુ આ વર્ષે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસ કરીશું. આ વખતે દેશ માટે સુવર્ણચંદ્રક ચોક્કસપણે અપાવીશું. આ સ્પર્ધાનો અર્થ સરળ છે.

## રશિયામાં યુદ્ધમાં ફસાયેલા નેપાળી લોકોએ ભારત સરકાર પાસે મદદની અપીલ કરી

નવીદિલ્હી,

રશિયા અને યુક્રેન યુદ્ધ વચ્ચે નેપાળના લોકો રશિયામાં ફસાયા હોવાનું સામે આવ્યું છે. જેથી રશિયામાં ફસાયેલા નેપાળી લોકોએ ભારત સરકારને તેમને બચાવવાની અપીલ કરી છે.કારણ કે તેમને નેપાળ સરકાર તરફથી કોઈ મદદ મળી રહી નથી. ટ્રાવેલ એજન્ટો દ્વારા તેની સાથે છેતરપિંડી કરવામાં આવી હતી જેમણે તેને રશિયન સેનામાં સહાયક તરીકે નોકરીના બહાને રશિયા મોકલ્યો હતો. એજન્સી અનુસાર, લોકોએ કહ્યું કે એજન્ટે અમને ખોટું બોલીને અહીં મોકલ્યા છે અને હવે અહીં અમારા માટે ખૂબ જ મુશ્કેલ બની રહ્યું છે. અમને કહેવામાં આવ્યું હતું કે અમારે રશિયન આર્મીમાં હેલ્પર તરીકે કામ કરવું છે, પરંતુ હવે અમારે અહીં યુદ્ધમાં જવું પડશે.

લોકોએ કહ્યું કે અમારી સાથે અહીં ઘણા ભારતીય નાગરિકો હતા, જેમને ભારત સરકારે બહાર કાઢ્યા હતા પરંતુ નેપાળની એમ્બેસીમાં અમારી વાત સાંભળવામાં આવી રહી નથી. નેપાળ અમને મદદ કરતું નથી. અમે અમારા પાડોશી દેશ ભારત પાસેથી મદદ માંગીએ છીએ. અમને ઘણી આશા છે કે ભારત અમને મદદ કરશે અને અમને નિરાશ નહીં કરે. નેપાળ અને ભારત વચ્ચે ખૂબ જ મજબૂત સંબંધ છે તેથી અમે તમારા લોકો પાસેથી મદદ માંગવા માંગીએ છીએ.

નેપાળી લોકોએ કહ્યું કે અમારા નેપાળથી કંઈ નથી થઈ રહ્યું પરંતુ તમારો દેશ અને તમારી એમ્બેસી ખૂબ જ શક્તિશાળી છે. અમે બધા નેપાળી ભાઈઓ પાછા જવા માંગીએ છીએ કારણ કે અમારી સાથે અહીં છેતરપિંડી થઈ છે. હેલ્પર કહે છે કે તે અમને યુદ્ધભૂમિ પર મોકલી રહ્યો છે. અમારામાંથી ૩૦ હતા, પરંતુ હવે અમારામાંથી માત્ર પાંચ જ બચ્યા છે. કેટલાક લોકોને અલગ-અલગ જગ્યાએ મોકલવામાં આવ્યા છે જ્યારે કેટલાક લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. અમને મદદ કરો અને અમને અહીંથી બહાર કાઢો.

## ભારત સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનશે : અદાણી ગ્રૂપ આગામી ૧૦ વર્ષમાં ડિફેન્સ સેક્ટરમાં મોટું રોકાણ કરશે

નવીદિલ્હી,

સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટે નરેન્દ્ર મોદી સરકારના પ્રયાસોને સાકાર કરવા અદાણી ગ્રુપ આગામી ૧૦ વર્ષમાં સંરક્ષણ ક્ષેત્રમાં મોટું રોકાણ કરશે. અદાણી ડિફેન્સ અને એરોસ્પેસના ચીફ એક્ઝિક્યુટિવ આશિષ રાજવંશીએ જણાવ્યું હતું કે ઈચ્છિત ધ્યેયને સાકાર કરવા માટે કંપનીમાં દરેક વ્યક્તિ ખભેથી ખભો મિલાવી કામ કરશે.''ભારત લાંબા સમયથી સંરક્ષણ સાધનોની આયાત પર નિર્ભર છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે 'આત્મનિર્ભર ભારત' પર ભાર મૂક્યો છે. ભારત અત્યારે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે સ્થાન હાંસલ કરી ચૂક્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ છે'' ડિફેન્સ સમિટમાં આશિષ રાજવંશીએ આ નિવેદન આપ્યું હતું.ગયા મહિને અદાણી ગ્રૂપની કંપનીએ દારૂગોળો અને મિસાઈલ બનાવવા માટે બે મેગા ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું હતું. કાનપુરમાં ૫૦૦ એકરમાં ફેસિલિટી સૌથી મોટા એકીકૃત દારૂગોળો ઉત્પાદન સંકુલમાંની એક બનવાની છે. આ ઉપરાંત તે સશસ્ત્ર દળો, અર્ધલશ્કરી દળો અને પોલીસ માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા નાના, મધ્યમ અને મોટા-કેલિબર દારૂગોળાનું ઉત્પાદન કરશે.અદાણી ડિફેન્સના સીઈઓએ ખાનગી સંરક્ષણ ઉદ્યોગોને જગ્યા આપવા અને સ્ટાર્ટઅપ્સ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો એટલેકે સ્જીસ્ઈને પ્રોત્સાહિત કરવાના પ્રયાસો માટે નીતિગત પહેલનો ઉલ્લેખ કર્યો હતો.''છેલ્લા ત્રણ વર્ષમાં સ્વદેશીકરણને પ્રોત્સાહન આપવા માટેની નીતિઓમાં મોટો ફેરફાર થયો છે. આ સાથે અમે અમારા ઉદ્યોગને કેવી રીતે પ્રોત્સાહન આપી શકીએ હવે દરેક વ્યક્તિ આ દિશામાં કામ કરી રહ્યા છે. એક રોડમેપ બનાવવો પડશે અને તે મુજબ કામ કરવું પડશે.'' તેમ રાજવંશીએ ઉમેર્યું હતું.અદાણી ગ્રૂપ જૂન સુધીમાં વધુ ૧.૨ બિલિયન ડોલરના બોન્ડ્સ ઓફર કરવાનું વિચારી રહ્યું છે. આ બાબતથી વાકેફ લોકોએ અખબારી અહેવાલમાં જણાવ્યું હતું કે, આ અઠવાડિયે એક નોટ જારી કરવામાં આવી છે જે આ વર્ષે મોટાભાગે નવા દેવુંમાં ઓછામાં ઓછા ૨ બિલિયન ડોલર એકત્ર કરવાની યોજનાનો એક ભાગ છે.

## બંગાળ/ છૂટાછેડા બાદ પતિ-પત્ની ચૂંટણી મેદાનમાં સામસામે, એક ભાજપમાંથી અને બીજો ટીએમસી તરફથી ચૂંટણી લડશે

કોલકતા,

બંગાળમાં છૂટાછેડા લીધેલા પતિ-પત્ની લોકસભા ચૂંટણી (૨૦૨૪)માં એક જ સીટ પરથી એકબીજા સામે ચૂંટણી લડવાના છે. વાસ્તવમાં આ સ્થિતિ ત્યારે સર્જાઈ જ્યારે તૃણમૂલ કોંગ્રેસે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી. આ યાદીમાં સુજાતા મંડલનું નામ પણ સામેલ છે, જેઓ પોતાના પૂર્વ પતિ સૌમિત્ર ખાન સામે બાંકુરા જિલ્લાની બિષ્ણુપુર બેઠક પરથી ચૂંટણી લડશે.સૌમિત્ર ખાન ભાજપ તરફથી બંગાળની બિષ્ણુપુર સીટથી ચૂંટણી લડી રહ્યા છે. હવે રવિવારે તૃણમૂલે આ જ સીટ પરથી પોતાના ઉમેદવાર સુજાતા મંડલને પણ મેદાનમાં ઉતાર્યા છે. રાજ્યમાં ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી પહેલા આ દંપતી અલગ થઈ ગયું હતું. સૌમિત્રા ખાને સુજાતા સાથે છૂટાછેડાની જાહેરાત કરી હતી જ્યારે તે તૃણમૂલ કોંગ્રેસમાં જોડાઈ હતી.બિષ્ણુપુરના દિગ્ગજ નેતા સૌમિત્ર ખાન ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા તૃણમૂલમાંથી ભાજપમાં જોડાયા હતા. તે સમયે તેમની પત્નીએ તેમના માટે પ્રચાર કર્યો હતો. તૃણમૂલે ૧૦ માર્ચે બંગાળમાં ૪૨ બેઠકો માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી છે, તે સ્પષ્ટ કરે છે કે મમતા બેનર્જીએ એકલા ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.જો કે, કોંગ્રેસ તેના નિર્ણયથી ખૂબ દુઃખી છે કારણ કે પાર્ટીને આશા હતી કે મમતા બેનર્જી રાજ્યમાં ઉમેદવારોની જાહેરાત કરતા પહેલા ફરી એકવાર સીટ વહેંચણી અંગે વાત કરશે અને ભારત જોડાણ સાથેના સંબંધો પર પુનર્વિચાર કરશે.તૃણમૂલે ઓછામાં ઓછા આઠ વર્તમાન સાંસદોને હટાવ્યા છે અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ અને કીર્તિ આઝાદ જેવા ઘણા નવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે. યુસુફ પઠાણ બહેરામપુર લોકસભા બેઠક પરથી તૃણમૂલના કટ્ટર હરીફ કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી સામે ચૂંટણી લડશે. પાંચ વખત સીટ જીતી ચૂકેલા રંજન ચૌધરીએ કહ્યું કે કોઈ પણ રાજકીય પક્ષે મમતા બેનર્જી પર વિશ્વાસ ન કરવો જોઈએ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક ૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

રણધીકપુર સે.સહ.મંડળી, સીંગવડ પાર્ટ-૧

તરફથી અભીનંદન....

મુ.પો.સીંગવડ, દુકાન ફળીયું
તા.સીંગવડ,
જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક ૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

આવકાર સખી મંડળ

તરફથી અભીનંદન....

મુ.પો. ડામોર
ફળીયું,મલેકપુર.
તા. લીમખેડા,
જી. દાહોદ

# મહિસાગર, ખેડા આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર


## લુણાવાડા પંચશીલ હાઈસ્કુલ પરીક્ષા કેન્દ્ર ખાતે કલેકટર અને જીલ્લા શિક્ષણાધિકારી હાજર રહી પરીક્ષાર્થીઓને મુલાકાત



મલેકપુર, રાજયભરમાં આજથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. ત્યારે મહીસાગર જીલ્લામાં કલેકટર નેહાકુમારી, જીલ્લા શિક્ષણાધિકારી નરેશ મુનિયાએ લુણાવાડાની પંચશીલ હાઈસ્કુલ પરીક્ષા કેન્દ્રની મુલાકાત લઈ પરીક્ષાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થતાં વિદ્યાર્થીઓનું પરીક્ષા કેન્દ્ર ખાતે કુમકુમ તિલક કરી તેમજ સાકર,ચોકલેટ મો મીઠું કરાવી પેનથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જીલ્લા કલેકટર પરીક્ષાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી આત્મવિશ્વાસથી પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવા મુળજીભાઈ રાણા, પૂર્વ પાલિકા પ્રમુખ ભાવનાબેન મહેતા સહિત ભાજપ સંગઠન આગેવાનો તેમજ સામાજીક, શૈક્ષણિક અને રાજકીય અગ્રણીઓ જોડાયા હતા. મહીસાગર જીલ્લામાં ધોરણ- ૧૦ માં ૧૯૫૯૪ અને ધોરણ- ૧૨માં ૧૨૦૨૯ મળી કુલ ૩૧૬૨૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે ત્યારે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જીલ્લા વહીવટી તંત્ર તરફથી સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા યોજાય તે માટે પોલીસ અને શિક્ષણ વિભાગ દ્વારા ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

## લુણાવાડા ખાતે પ્રભારી મંત્રીના અધ્યક્ષ સ્થાને ભાજપ સંગઠનની બેઠક યોજાઈ

લુણાવાડા, આગામી સમયમાં આવનાર લોકસભાની ચુંટણીને લઈને ભાજપ દ્વારા ફરી એકવાર ગુજરાતની તમામ ૨૬ બેઠક જીતવા માટે તૈયારી શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે પંચમહાલ લોકસભા બેઠક માટે ભાજપ દ્વારા મહીસાગર જીલ્લા પ્રભારી મંત્રી બચુભાઈ ખાબડ આજરોજ મહીસાગર જીલ્લામા આવતી વિધાનસભા બેઠકો પર જીલ્લાના ભાજપના સંગઠનના હોદેદારો સાથે લુણાવાડા બેતાલીસ પાટીદાર સમાજઘર ખાતે સમીક્ષા બેઠક યોજી હતી અને વિધાનસભા બેઠક વિસ્તારની મુલાકાત લઈને પંચમહાલ લોકસભા બેઠક ફરી એકવાર જીતવા આહવાન કરવામાં આવ્યું હતું. મહીસાગર જીલ્લા પ્રભારી મંત્રીના આ પ્રવાસ દરમિયાન જીલ્લા બેઠકમાં પ્રભારી કનુભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા, જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, મહામંત્રી રાવજીભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યો જીગ્નેશ સેવક, કાળુભાઈ માલીવાડ, હિરાભાઈ પટેલ, રાષ્ટ્રીય પરિષદ સભ્ય મુળજીભાઈ રાણા, પૂર્વ પ્રમુખ જેપી પટેલ, જીલ્લાના હોદ્દેદારો, વિવિધ મંડળ મોરચા સેલના અપેક્ષિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ પેથાપુરથી બલેન્ડિયા નિશાળ સુધીનો માર્ગ બિસ્માર : લોકો પરેશાન

ઝાલોદ, ઝાલોદ તાલુકાના પેથાપુર ગામે આવેલા હનુમાન મંદિરથી બલેન્ડિયા નિશાળ ફળિયા સુધીનો ૩ થી ૪ કિ.મી.નો માર્ગ ડામર રોડ બનાવવા મંજુર કર્યો હતો. પરંતુ આ રસ્તો બિસ્માર થયેલો છે. જેમાં ૫૦ થી ૧૦૦ મીટરના અંતરે ઠેર ઠેર કપચી-કાંકરા પાથરેલા જોવા મળ્યા છે. આ રસ્તો બનાવ્યો તે સમયથી આજ સુધી રસ્તાની હાલતમાં કોઈ ફર્ક પડ્યો નથી.

આ માર્ગ પર ભારે વાહનોની અવર જવર નહિ હોવા છતાં માર્ગ સાવ બિસ્માર બની જવા પામ્યો છે. આ માર્ગ બનાવવા સમયે યોગ્ય નિયમ મુજબ તેમજ યોગ્ય ગુણવત્તા રહિત બનાવવામાં આવ્યો છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. આ માર્ગ મુખ્ય પેથાપુર અને બલેન્ડિયા ગામને જોડતો મુખ્ય રસ્તો છે. હાલ તો મુખ્ય માર્ગની હાલત ખુબ ખરાબ છે. ફળિયાથી આંગણવાડીથી મુખ્ય માર્ગ હોવાથી રસ્તો મંજુર થયેલો અને તંત્ર દ્વારા બનાવેલો છે તેની હાલત સાવ બિસ્માર થઈ ગઈ છે. માર્ગનુ પેચવર્ક મેન્ટેનન્સ આજ સુધી કરવામાં આવેલુ નથી. માર્ગની બંને બાજુ પુરાણ કરવામાં આવ્યુ નથી. તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં તપાસ કરવામાં આવે તો મોટો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે. નાના માર્ગમાં કરોડો રૂપિયાના ખર્ચા હોય યોગ્ય તપાસ કરાય તો ઝાલોદ અને આસપાસના રસ્તાઓ યોગ્ય રીતે બની શકે તેમ છે.

## સ્વીપ અંતર્ગત દેવગઢ બારિયા એક બત્તી ચોક ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દાહોદ, આગામી સમયમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. ત્યારે દાહોદ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ દેવગઢ બારિયા મતદાન નોંધણી અધિકારી અને પ્રાંત અધિકારી જ્યોતિબા ગોહિલ અને મામલતદાર સમીર પટેલની અધ્યક્ષતામાં દેવગઢ બારિયા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મતદાન જાગૃતિ અભિયાન (SVEEP) કાર્યક્રમ અંતર્ગત ૧૮ વર્ષ પૂર્ણ કરેલા યુવાનો તેમનું નામ મતદારયાદીમાં નોંધાવે અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે અંગે જાગૃતિ કેળવવા આજની યુવા પેઢી ટેકનોલોજી સાથે જોડાયેલી છે. ત્યારે ટેકનોલોજીના માધ્યમનો ઉપયોગ કરીને મતદાર યાદીમાં નામ નોંધાવાથી લઈને સુધારા વધારા પણ ઘરે બેઠાં આંગળીના ટેરવે ઓનલાઈન પોર્ટલ, વોટર એપ સહિતની ભારતીય ચૂંટણી પંચની જુદી જુદી એપ્લિકેશનના માધ્યમથી કઈ રીતે કરી શકાય તે અંગે યુવાઓને માર્ગદર્શિત કરાયા હતા. આ કાર્યક્રમમાં લોકોએ ભાગ લીધો હતો અને દસ મિનિટ દેશ માટે, સહ પરિવાર મતદાન કરવા અંગે સમજ આપવામાં આવી હતી. અંતે સૌએ મતદાનનો સંકલ્પ "આવો, મતદાનનો સંકલ્પ લઈએ" હેઠળ જગ્યા પર ઉભા થઈ સંકલ્પ લીધો હતો.

## સર્વાંગી વિકાસને વરેલી સરકાર સમાજના નાનામાં નાના માણસોની ચિંતા કરે છે- પંચાયત અને કૃષિ મંત્રી

દાહોદ, ગુજરાત રાજયના મકાન અને અન્ય બાંધકામ શ્રમિકો માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકો સુધી યોજનાનો લાભ પહોંચાડવા માટે આજરોજ નવા ૧૨ ભોજન કેન્દ્રોનો લોકાર્પણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

જેમાં દાહોદ જીલ્લાના દેવગઢ બારિયા ખાતે પંચયાત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના વરદ હસ્તે એક બત્તી ચોક ખાતે ભોજન કેન્દ્રનુ લોકાર્પણ કરવામાં આવ્યુ છે. મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યુ હતુ કે સર્વાંગી વિકાસ ને વરેલી સરકાર સમાજના નાનામાં નાના માણસોની ચિંતા કરે છે. વિકાસકામોમાં પોતાના શ્રમ દાન આપનારા શ્રમિકોની પણ સરકારે ચિંતા કરી છે. જેના ભાગરૂપે શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકો સુધી યોજનાનો લાભ પહોંચાડવા આજરોજ રાજયમાં નવા ૧૨ ભોજન કેન્દ્રોનો લોકાર્પણ થયા છે.

આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ અરવિંદાબેન, સહિત દેવગઢ બારિયા શહેર અને તાલુકાના પદાધિકારીઓ અને અધિકારીઓ તેમજ શ્રમિકો હાજર રહ્યા હતા.

## ફતેપુરા તાલુકા પંચાયતમાં કર્મચારીઓ દ્વારા મનસ્વી પણે ચલાવતા વહીવટમાં સુધાર લાવવા માંગ

ફતેપુરા, સરકાર દ્વારા જે તે સરકારી કર્મચારીઓ પોતાની ફરજ ઉપર સરકારના નિયમો મુજબ પોતાની કામગીરી ચીવટ પૂર્વક સંભાળે તથા વહેલી તકે જે-તે તાલુકાના કામકાજ અર્થે આવતી પ્રજાને સમય મર્યાદામાં તેમના કામોને ન્યાય મળે તેવા સરકારના આદેશને પણ ફતેપુરા તાલુકા પંચાયતના કર્મચારીઓ ઘોળીને પી જઈ રહ્યા હોય તેમ જણાય છે. તેમજ મળતીયા અને લાગવગીયા લોકોના નિયમમાં આવતા કે નહીં આવતા હોય તો પણ તેમના કામો આસાનીથી થઈ રહ્યા હોવાની ચર્ચા સાંભળવા મળે છે. જ્યારે સાચા કામો માટે જે-તે લાભાર્થીને અઠવાડિયા નહીં પણ મહિનાઓ સુધી ધરમ ધક્કા ખાવાની નોબત આવતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ત્યારે ફતેપુરા તાલુકા પંચાયતની કાર્યરીતિ બાબતે ઉચ્ચ અધિકારીઓ સત્વરે ધ્યાન આપે તેવી પ્રજામાં માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકા પંચાયતમાં દિન-પ્રતિદિન વહીવટ કથળતો જતો હોવાની ચર્ચા સાંભળવા મળે છે. તેમાં ખાસ કરીને જે લોકો સરકારના વિવિધ લાભો મેળવી રહ્યા છે અને તેઓએ નિયમોનુસાર કામગીરી કરેલ હોવા છતાં તેવા લાભાર્થીઓને મહિનાઓ સુધી ન્યાય આપવામાં આવતો નહીં હોવાનુ જાણવા મળે છે. જ્યારે જે તાલુકા પંચાયતના મળતીયા અને લાગવગીયા લોકો સરકારના લાભો આસાનીથી લઈ રહ્યા છે.અને તેઓએ નિયમોનુસારની કામગીરી કરી નહીં હોય અથવા તો માત્ર કાગળ ઉપર જ કામગીરી બતાવી બીલો મૂકી સરકારના નાણા હડપ કરવા ટાંપીને બેઠા હોય તેવા લોકોના બિલો આસાનીથી કાઢી આપવામાં આવતા હોવાની પણ ચર્ચા સાંભળવા મળી રહી છે. જ્યારે સાચા ગરીબ અને હકદાર લાભાર્થીઓ પોતાના જે-તે અને સાચી કામગીરી માટે નાણા અને સમયનો વેડફાટ કરી તાલુકાના મહિનાઓ અને ક્યારેક વર્ષો સુધી ધરમધક્કા ખાવા છતાં ન્યાય મળતો નહીં હોવાના કિસ્સા પણ બની રહ્યા છે અને "પૈસા હોય તો પેશ, નહીં તો બહાર બેસ"ની નીતિ અખત્યાર કરવામાં આવતી હોવાનું પણ જાણવા મળે છે. ત્યારે સરકાર દ્વારા તાલુકાકક્ષાએ વિકાસ કામો માટે આપવામાં આવતા નાણા માત્ર તકવાદી અને માલદાર લોકો માટે જ ફાળવણી કરવામાં આવતા હોય તેવો અહેસાસ થાય તેમાં કોઈ બે મત નથી.

નોંધનીય બાબત છે કે, ફતેપુરા તાલુકા પંચાયતના કચેરીના કેટલાક કર્મચારીઓ પોતાની ફરજના સમય દરમ્યાન પોતાના માનીતા અને લાગવગીયા લોકોના અંગત ઠેકાણાઓ ઉપર જઈ ઓફિસમાં કરવાની કામગીરી કરતા હોવાના ચર્ચા પણ સાંભળવા મળી રહી છે. જ્યારે તાલુકા માં વિવિધ વિકાસ કામગીરીની ગ્રાન્ટના નાણા આવે છે, તે ગ્રાન્ટોના નાણાની અગાઉથી જ સેટિંગ હોય તેમ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ૨૪ કલાકની અંદર પોતાના માનીતા અને મળતીયા લોકોને ફાળવી આપી સાચા હકદાર લાભાર્થીઓ સાથે અન્યાય કરવામાં આવતો હોવાની પણ ચર્ચા સાંભળવા મળી રહી છે. ત્યારે તે બાબતની હકીકતની પણ નિષ્પક્ષ અને તટસ્થ તપાસ જરૂરી જણાય છે.

ફતેપુરા તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા મોટા ભાગના કર્મચારીઓ સરકારના નિયમો પ્રમાણે ફરજ ઉપર આવવા અને ફરજનો સમય પૂરો થાય તે પહેલા ગમે તે સમયે નીકળી જતા હોય તેમની ફરજ ઉપર કોઈ પાબંદી ન હોય તેવું પણ જણાય છે. જ્યારે કેટલાક કર્મચારીઓ પોતાના અંગત કામમાં વ્યસ્ત રહેતા હોવા છતાં તેઓને મોબાઈલ દ્વારા કોન્ટેકટ કરતા તેઓ ફિલ્ડમાં હોવાનું બહાના કાઢતા હોવાનું પણ જાણવા મળે છે. તાલુકા પંચાયત કચેરીના કેટલાક ટેબલના કર્મચારીઓ દિવસો સુધી પોતાની ફરજ ઉપર હાજર નહીં રહેતા હોવાનું અને કચેરી સમય દરમિયાન તાળા લાગેલા પણ જોવા મળે છે. છતાં આવા કર્મચારીઓને રોકટોક કરનાર તાલુકા પંચાયત કચેરીમાં કોઈ જવાબદાર હોય તેવું જણાવતું નથી. આમ, ફતેપુરા તાલુકા પંચાયત કચેરીમાં સરકારના નિયમો મુજબ નહીં પરંતુ કચેરીના કર્મચારીઓ દ્વારા મનસ્વી રીતે વહીવટ ચલાવાઈ રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે. ત્યારે ફતેપુરા તાલુકા પંચાયત કચેરીના વહીવટ બાબતે ઉચ્ચ અધિકારીઓ ધ્યાન આપે તથા લાભાર્થી જનતાને સમય મર્યાદામાં ન્યાય મળી રહે તે બાબતે ચાંપતી નજર રાખે તેવી તાલુકાની જનતાની માંગ છે

## લુણાવાડા જીલ્લા પંચાયત ખાતે શિક્ષણ મંત્રીના વરદહસ્તે નવીન ફરતું પશુ દવાખાનાનું લોકાર્પણ સમારોહ યોજાયો



લુણાવાડા, મહીસાગર જીલ્લાના લુણાવાડા જીલ્લા પંચાયત કચેરી ખાતે આજરોજ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરના વરદ હસ્તે નવીન ફરતું પશુ દવાખાનાનું લોકાર્પણ અને પ્રસ્થાન કરાવાયું હતું. વિરણીયા વિસ્તારના ૧૦ ગામોના પશુપાલકોને સરકારની ફરતા પશુ દવાખાનાની સેવાનો લાભ મળશે.

આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરએ જણાવ્યું હતું કે, પશુપાલકો અને ખેડૂતો પોતાના પશુઓ તંદુરસ્ત હોય ત્યારે જ સમૃધ્ધ બની શકે છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જેમ માનવીઓની ચિંતા કરી છે, એવી જ રીતે પશુઓની પણ ચિંતા કરી છે. સરકાર યોજનાની મદદથી આપના પશુઓની પણ કાળજી રાખે છે. હવે તમારે કોઈ ડોકટર શોધવા નહીં જવુ પડે માત્ર ૧૯૬૨ ઉપર કોલ કરશો એટલે મોબાઈલ વાન આપના આંગણે હાજર થશે. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, જીલ્લા કલેકટર નેહા કુમારી, જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ, પશુપાલન અધિકારી એમ જી ચાવડા, જીલ્લા પંચાયત સદસ્ય બકુલાબેન ચૌહાણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગરબાડા ખાતે રામનાથ મંદિર પાસે કચરા ડેપોમાંથી ઉઠતા ધુમાડાથી લોકો પરેશાન

ગરબાડા, ગરબાડા ખાતેના રામનાથ મહાદેવ મંદિર પાસે આવેલો કચરા ડેપો અન્ય સ્થળ પર ખસેડવા માટે ગ્રામ પંચાયતથી લઈને જિલ્લા કલેકટર સુધી ગ્રામજનો દ્વારા ઉગ્ર રજુઆતો કરવા છતાં પરિણામ શુન્ય આવ્યુ છે. હાલમાં કચરાના ડેપોમાં ડમ્પ કરાયેલા કચરાને સળગાવી તેનો નિકાલ કરાતો હોવાથી તેમાંથી ઉઠતા ધુમાડાના કારણે મંદિર પરીસર પાસે ઉભા રહેવુ પણ મુશ્કેલ બની જાય છે. આવનાર સમયમાં આ સમસ્યા વધુ વિકરાળ બને તે પહેલા આ કચરા ડેપો અન્ય સ્થળ પર ખસેડવા માંગ કરાઈ છે. તેમજ કચરાને બાળીને તેનો નિકાલ કરવાના બદલે તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા તરફ પગલા ભરવા પણ રજુઆતો કરાઈ છે. ગ્રામજનો દ્વારા આ મામલે વહેલી તકે કોઈ નિર્ણય લેવામાં નહિ આવે તો બંધ કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## દાહોદમાં શૈક્ષણિક ચિંતન શિબિરનું આયોજન મોડેલ સ્કૂલ મીરાખેડી ખાતે કરવામાં આવ્યું

દાહોદ, દાહોદમાં પૂર્વ જીલ્લા શિક્ષણાધિકારી નૈષધ મકવાણા, જીલ્લા શિક્ષણાધિકારી સુરેન્દ્રસિંહ એલ. દામા અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આરતસિંહ એ.બારીઆ, ડાયટના પ્રાચાર્ય મુનિયા, ગુજરાત શિક્ષણ અધિકારીઓ, વિવિધ શાળાના આચાર્યઓ અને શિક્ષક મિત્રોની ઉપસ્થિતિ હેઠળ મોડેલ સ્કૂલ મીરાખેડી ખાતે શૈક્ષણિક ચિંતન શિબિર યોજવામાં આવી. ચિંતન શિબિરની ચાર મહત્વની શિક્ષણને લગતા વિવિધ મહત્વના વિષયો અંગેની થીમ વિશે માર્ગદર્શન પૂર્વ શિક્ષણાધિકારી નૈષધ મકવાણા અને જીલ્લા શિક્ષણાધિકારી સુરેન્દ્રસિંહ એલ. દામા દ્વારા શિક્ષણમાં વિશેષ પ્રયત્નો થકી સુધારા કઈ રીતે કરી શકાય એ બાબત પર શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓ સાથે તેઓને બાળકોના શિક્ષણ વિશે આપવામાં આવતી માહિતી તેમજ માર્ગદર્શન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, વિદ્યાર્થીઓના વાંચન, લેખન તેમજ ગણનના મહત્વને પ્રાથમિકતા આપવામાં આવી હતી. શિક્ષકો દ્વારા શાળાઓમાં આપવામાં આવતા શિક્ષણ અંગેની પદ્ધતિ અંગે આવેલ તમામ શિક્ષકોને જરૂરી માર્ગદર્શન સહિત સમજ આપવામાં આવી હતી.

ઉપરાંત કાર્યક્રમના અંતે શિબિરમાં ઉપસ્થિત રહેલ તમામ શિક્ષકો તેમજ આચાર્યો સાથે અભ્યાસમાં વાંચન, લેખન તેમજ ગણનમાં પાછા પડતા નબળા બાળકોના અભ્યાસમાં આપવામાં આવતી શિક્ષણ પદ્ધતિથી કેવી રીતે સુધારો લાવી શકે તેમજ શિક્ષણ પદ્ધતિમાં કરવા માટેના સુધારા અંગેની ચર્ચા વિચારણા સાથે સૌએ પોતાના વિચારો પણ પ્રસ્તુત કર્યા હતા.

## ગાંધીનગરના ડભોડા વિસ્તારમાં દંપતિને બંધક બનાવી દાગીના અને રોકડની લુંટના ગુનામાં દાહોદ એલ.સી.બી.એ બે ઈસમોને નસીરપુર ગામેથી ઝડપ્યા

દાહોદ, ગાંધીનગર જીલ્લાના ડભોડા વિસ્તારમાં દંપતિને બંધક બનાવી માર મારી ધાડપાડુઓએ સોના-ચાંદીના દાગીના, રોક્ડા રૂપીયા રૂપીયા મળી કુલ રૂા.૨,૭૫,૩૫૦નો મુદ્દામાલની સનસનાટી ભરી લુંટના બનાવમાં દાહોદ એલ.સી.બી. પોલીસે આ ગુન્હામાં સંડોવાયેલ બે ઈસમોની દાહોદ તાલુકાના નસીરપુર ગામેથી ઝડપી પાડી તેઓની પાસેથી લુંટની રકમ કબજે કર્યાનું જ્યારે ઝડપાયેલ બે ઈસમો દ્વારા ગાંધીનગરની સાથે સાથે દાહોદ શહેર, વડોદરા, પાટણ, પંચમહાલ, મહેસાણા, લીમડી સહિત વિસ્તારોમાં પણ લુંટ, ચોરી તેમજ ધાડના ગુન્હાઓને અંજામ આપ્યાંનું જાણવા મળે છે.દાહોદ જીલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડવા, અસામાજીક તત્વોને ઝડપી પાડવા સહિત વિવિધ ગુન્હાઓમાં સામેલ આરોપીઓને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ દાહોદ તાલુકાના નસીરપુર ગામે દરગાહની સામે રસ્તા ઉપર બે ઈસમો શંકાસ્પદ મુદ્દામાલ સાથે ઉભેલા હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો અને બંન્ને ઈસમોની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ ન મળતાં બંન્ને ઈસમો જેમાં વિનોદભાઈ લાલાભાઈ ભાભોર (રહે. માતવા, મકોડીયા ફળિયું, તા. ગરબાડા, જી. દાહોદ) અને જેશનભાઈ ઉર્ફે મુકેશભાઈ નાગજીભાઈ ઉર્ફે નગજી ડામોર (રહે. છરછોડા, વેડ ફળિયું, તા. ગરબાડા, જી. દાહોદ) નાઓને પોલીસ મથકે લાવી બંન્નેની સઘન પુછપરછ કરતાં તેઓની પાસે રહેલ રૂા.૨,૭૫,૩૫૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના, રોકડા રૂપીયા તથા અન્ય મુદ્દામાલની ગાંધીનગર જીલ્લાના ડભોડા વિસ્તારમાં એક દંપતિને બંધક બનાવી માર મારી ધાડ પાડી લુંટી લીધાં હોવાનું પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. આ ઉપરાંત ઉપરોક્ત બંન્ને ઈસમો દ્વારા ગાંધીનગરની સાથે સાથે દાહોદ શહેર, વડોદરા શહેર, પાટણ, પંચમહાલ, મહેસાણા અને લીમડીમાં ચોરી, લુંટ, ધાડના ગુન્હાને પણ અંજામ આપ્યો હોવાનું પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. પોલીસે ઉપરોક્ત ઝડપાયેલ બંન્ને ઈસમો પાસેથી બેગમાંથી સોનાની વીંટી, સોનાની ચેઈન, ચાંદીના છડા, ચાંદીની લકી, લોખંડનો સળીયો, બેગ, મોબાઈલ, ચાર્જર તેમજ રોકડા રૂપીયા ૨૨,૫૦૦ મળી કુલ રૂા.૨,૭૫,૩૫૦નો મુદ્દામાલ કબેજ કરી આ સંબંધે પોલીસે ગુનો નોંધી નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારમાં કચરો ભરેલ ટેન્કર ખાલી કરવામાં આળશ



સંતરામપુર, સંતરામપુર પ્રતાપુરા વિસ્તારમાં કચરો ભરેલું કન્ટેનર ખાલી કરવામાં નગરપાલિકાની આળસ જાહેરમાં કચરો ના ફેકાય તે માટે સંતરામપુર નગરપાલિકા દ્વારા નગરના વિવિધ વિસ્તારોમાં અલગ અલગ સ્થળો ઉપર કન્ટેનર મૂકવામાં આવેલા હતા. પરંતુ કન્ટેનર મૂક્યા પછી સંતરામપુર નગરપાલિકા ખાલી કરવામાં જરાય રસ લેતી જ નથી. પ્રતાપુરા વિસ્તારમાં આ કન્ટેનર કચરાથી ભરાઈ જવાના કારણે અને ચારે બાજુ પશુઓ તેના મોઢા મારતા હોય છે અને ભારે દુર્ગંધ ચારે બાજુ ફેલાયેલું છે. આના કારણે રોગચાળાની પણ ભયભીતિ સેવાઈ રહેલી છે, તેમ છતાંય પાલિકા કામગીરી કરવામાં નિષ્ફળ જોવાઈ રહેલી છે. ઘણાં સમયથી આ ડસ્ટબીનની અંદર ખરાબ દુર્ગંધ હોવાના કારણે આજુબાજુના સ્થાનિક રહીશોને અને વેપારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. દિવસ પર મોઢા ઉપર રૂમાલ બાંધીને બેસી રહેવું પડતું હોય છે, તેમ છતાં સંતરામપુર પાલિકા સફાઈ રાખવા માટેના સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ ગયેલી છે. આવી સામાન્ય કામગીરી કરવામાં પણ પાલિકાની જરાય રસ જોવાતો નથી. વહેલી તકી ધોરણે નગરમાં મૂકવામાં આવી રીતે કચરાથી ઉભરાત કન્ટેનરોને ખાલી કરવામાં આવે અને સ્વચ્છતા રાખવામાં આવે કોઈ લોક માંગ ઉભી થઈ હતી.

## આપની આજ.......

મેષ આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને પરિવાર સાથે આનંદમાં સમય વિતાવશો. સુખ આવશે અને પરિવારમાં ખુશીઓ રહેશે. બપોર સુધી સારા સમાચાર પણ મળી શકે છે.આરોગ્યની બાબતમાં પણ ધ્યાન જરૂર છે.

વૃષભ આજે તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. ભેટો અને માન-સન્માનના લાભ મળશે. બીજાના સહકાર લેવામાં સફળ રહેશો. રાજ્ય પ્રવાસ અને મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભદાયક બનશે.

મિથુન આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને તમારું ભાગ્ય વધી શકે છે. પરિવારમાં સમૃદ્ધિ થશે અને બગડેલી બધી બાબતો પૂરી થશે. જીવનસાથી અને ભાગીદારોને વ્યવસાયમાં સહયોગ મળશે.

કર્ક આજનો દિવસ તમારા માટે થોડો જોખમી હોઈ શકે છે. તમારે જરૂરિયાત મુજબ જોખમ પણ લેવું જોઈએ, આમ કરવાથી તમારા માટે સફળતાની નવી રીત ખુલી શકે છે.

સિંહ આજનો દિવસ તમારા માટે જુદો છે. કાર્યસ્થળમાં કેટલાક પરિવર્તન આવશે. તમે ક્યારેય બદલાવથી ડરતા નથી, પરંતુ આજે સરકાર અથવા સિસ્ટમમાંથી પરિવર્તન આવી શકે છે, જે તમારા માટે થોડી મુશ્કેલી ઊભી કરી શકે છે. આ કિસ્સામાં તમારે ડરવાની જરૂર નથી.

કન્યા આજે તમારું મન પરેશાન થઈ શકે છે. તમે કોઈ કારણસર અસ્વસ્થ રહેશો. વ્યાવસાયિક વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો નિરર્થક હોઈ શકે છે. સાંજ સુધીમાં તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનને જીતવા માટે સક્ષમ હશો.

તુલા આજે કોઈ કારણસર મુશ્કેલી આવી શકે છે. પારિવારિક મુશ્કેલીઓ સમસ્યામાં વધારો કરી શકે છે. આર્થિક વ્યવહારમાં સાવચેત રહેવું.

વૃશ્ચિક આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે. આજે તમે જે પણ નિર્ણય લેશો તે ભવિષ્યમાં તમને લાભ આપશે. સંતાનના લગ્નમાં આવતી અડચણનો અંત આવશે.

ધન આ દિવસે તમે તમારા કાર્યક્ષેત્રમાં સારી ખ્યાતિ મેળવી શકો છો. જો તમે તમારું કાર્ય ગંભીરતાથી કરશો તો તમને સફળતા મળશે. સમય સાથ આપશે અને પરિવારના સભ્યો પણ સહયોગ કરશે.

મકર આજે તમારા ઘરના લોકો સાથે થોડો વિવાદ થઈ શકે છે, પરંતુ તેમ છતાં તમારું દાંપત્ય જીવન સુખી રહેશે. ભાગ્ય પ્રાપ્ત થશે અને ધન, પદ, પ્રતિષ્ઠા વધશે. આજે તમે શારીરિક અને માનસિક રીતે થાક અનુભવી શકો છો, પરંતુ ખુશી સામે થાક ઓછો થઈ જશે.

કુંભ આજે ગ્રહોનો વિશેષ યોગ તમને આર્થિક સફળતા તરફ લઈ જશે. નમ્ર વાણીથી તમારી પ્રતિષ્ઠા વધશે. તમારા સ્વાસ્થ્ય વિશે સાવધાન રહેવું. તમારી ભોજનની ટેવમાં ધૈર્ય રાખો. સાસરિયાઓથી લાભ થશે.

મીન આ દિવસે નોકરી અને ધંધામાં ઈચ્છિત પરિણામ મળતાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત રહેશે. આજે તમે તમારા ધંધાને લગતા કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો કરવા વિશે વિચારી શકો છો અને આમ કરવાથી તમને લાભ મળશે. સાંજે તમે પરિવાર સાથે ફરવા પણ જઈ શકો છો.




# આશ્રમ ભૂમિવંદના

મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ
પુન:નિર્માણ પ્રોજેક્ટનો
માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના
વરદ્હસ્તે શુભારંભ

૧૨ માર્ચ ૨૦૨૪, મંગળવાર | સવારે ૦૯:૩૦ વાગે | સાબરમતી આશ્રમ, અમદાવાદ.

## પુન:નિર્માણ બાદ આશ્રમની વિશેષતાઓ

- ગાંધી આશ્રમ પુન:નિર્માણના ₹ ૧૨૦૦ કરોડના ખર્ચે હાથ ધરાનાર આ પ્રોજેક્ટ હેઠળ હવે કુલ ૫૫ એકરના આશ્રમ વિસ્તારમાં મહાત્મા ગાંધીના જીવન અને જીવનમૂલ્યો આધારિત એક સ્મરણાંજલિ રૂપ વિશ્વસ્તરીય સ્મારક બનાવવામાં આવશે.
- મૂળ આશ્રમની અનુશાસિત, સરળ અને પ્રમાણિત વાસ્તુકલા તથા બાંધકામ શૈલીને અનુસરીને આશ્રમની ૨૦ જૂની ઇમારતોનું સંરક્ષણ, ૧૩ ઇમારતોનું પુન:સ્થાપન અને ૩ ઇમારતોનું પુન:નિર્માણ કરવામાં આવશે.
- પૂજ્ય બાપુના સત્ય, અહિંસા, સદાચાર, સ્વાશ્રય જેવા જીવનમૂલ્યો, આશ્રમ જીવનના આદર્શો તથા આશ્રમવાસી સ્વાતંત્ર્યસેનાનીઓની જીવનચર્યા પર પ્રેરણાદાયી પ્રદર્શન.
- ગાંધી આશ્રમમાં બાપુના નિવાસ દરમિયાન થયેલ ચિંતનમાંથી નિર્મિત વિવિધ સત્યાગ્રહો તથા સમગ્ર સ્વાતંત્ર્યસંગ્રામની ઘટનાઓ ઉપર ઈન્ટરેક્ટિવ પ્રદર્શન.
- મહાત્મા ગાંધીના પરંપરાગત જ્ઞાન અને આત્મનિર્ભરતાના મૂલ્યોને લોકમાનસમાં ઉજાગર કરવાના હેતુથી વિવિધ પ્રકારની હાથ બનાવટની વસ્તુઓ જેવી કે સુતર, કાંતણ, કાગળની વસ્તુઓ બનાવવા માટે વર્કશોપનું આયોજન.
- આ પ્રોજેક્ટ હેઠળ સમગ્ર આશ્રમ પરિસરમાં શાંત અને લીલુંછમ કુદરતી વાતાવરણ ઊભું થશે.
- મુલાકાતીઓ માટે વૈશ્વિક ધોરણો અનુસાર સુવિધાઓ જેમ કે, ઓરિએન્ટેશન સેન્ટર, ફૂડ કોર્ટ અને સુવેનિઅર શૉપ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

**આ સ્મારક ગાંધીજીના યોગદાન અને આદર્શોને ગહન રીતે સમજવા માટે પ્રેરણાનું કેન્દ્ર બનશે.**

**દાંડીકૂચ દિવસના અવસરે પૂજ્ય બાપુ અને સૌ સત્યાગ્રહીઓને શત્ શત્ નમન**

વધુ જાણકારી માટે સ્કેન કરો

**મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટ**



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : DD NEWS ડી ડી ન્યૂઝ | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાના ગુસર નવી વસાહતમાં ૧૮ ઈસમોના ટોળાએ ઘર સળગાવી નાંખતા અંદાજિત ૩ લાખનુ નુકસાન

ગોધરા,

ગોધરા તાલુકાના ગુસર નવી વસાહત મંદિર ફળિયામાં રહેતા ફરિયાદીના ઘરે ૧૮ જેટલા આરોપીઓ હથિયાર સાથે આવ્યા હતા. ફરિયાદીની પત્નિને ગાળો આપી આરોપી ઈસમોએ લાકડી વડે માર મારી ઘરને આગ લગાડી દેતા ઘરવખરી સહિત અન્ય સરસામાન બળીને ખાખ થઈ જતાં અઢીથી ત્રણ લાખ જેટલુ નુકસાન કરતા આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના ગુસર નવી વસાહત મંદિર ફળિયામાં રહેતા રચજીભાઈ સોમાભાઈ



રજાતના ઘરે ગામના ૧૮ જેટલા આરોપીઓ એક સંપ કરી આવ્યા હતા. જેમાં આરોપી રણજીતભાઈ છગનભાઈ રજાત હાથમાં પથ્થર તોડવાનો ગણ તેમજ પ્રમીલા દશરથભાઈ રજાત, અર્જુનભાઈ વજાભાઈ રજાત, કમળાબેન ભારતભાઈ રજાત, ગલાભાઈ વિરાભાઈ રજાત, રેશમબેન ગલાભાઈ રજાત હાથમાં મારક હથિયારો સાથે આવ્યા હતા. અને આરોપી રેશનબેન ગલાભાઈ રજાત એ ફરિયાદીની પત્નિ ગણાબેન રચજીભાઈ રજાતને લાકડી પગના ભાગે મારી હતી. અને તમામ આરોપીઓ ભેગા મળીને રચજીભાઈ રજાતના ઘરને આગ લગાડી હતી. જેને લઈ ઘરની બાજુમાં રાખેલ મકાઈનુ ઘાસ, તેમજ ઘરમાં રાખેલ ઘરવખરી, ઘરની પાછળ મુકેલ લાકડાઓ તેમજ આરોપી ઈસમોએ ઘરમાં રાખેલ તિજોરી, ટી.વી., ફ્રિઝ, બારી–બારણા, સોફા, પલંગને તોડી નાંખી તેમજ સળગાવી અંદાજિત અઢીથી ત્રણ લાખ જેટલુ નુકસાન કરતા આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. પોલીસે ૧૮ આરોપીઓ સામે ફરિયાદ નોંધી ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા પોપટપુરા સરકારી આર્યુવેદ હોસ્પિટલને ૫૦ વર્ષ પુરા થતાં ગોલ્ડન જયુબલી મહોત્સવની ઉજવણી કરાઈ

ગોધરા,

ગોધરાના પોપટપુરા સરકારી આર્યુવેદ હોસ્પિટલના ૫૦ વર્ષ પુરા થતાં ગોલ્ડન જયુબલી મહોત્સવની ઉજવણી કરાઈ હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા ધાર્મીક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા.

ગોધરા તાલુકાના પોપટપુરા ગામે આવેલ મણીબેન અમૃતલાલ સરકારી આર્યુવેદ હોસ્પિટલની સ્થાપના ૧૯૭૪માં થઈ હતી. આ હોસ્પિટલને ૫૦ વર્ષ પુરા થતાં ગોલ્ડન જયુબીલી મહોત્સવની ઉજવણી કરાઈ.



સરકારી આર્યુવેદ હોસ્પિટલમાં જરૂરી સુવિધાનો અભાવ હતો. જમીન દાતા મણીબેન અમૃતલાલ એ જીલ્લાના ગરીબ આદિવાસી પ્રજા હોસ્પિટલનો લાભ લે તે માટે વિના મુલ્યે જમીન ફાળવી હતી. જેને લઈ ૫૦ વર્ષમાં આ હોસ્પિટલમાં ૧૫૦ જેટલા દર્દીઓ ગુજરાત તેમજ અન્ય રાજ્યો માંથી સારવાર માટે આવતાં હોય છે. કુદરતી વાતાવરણમાં૦ હોમીયોપેથીક, આર્યુવેદિક સારવાર થી દર્દીઓને સાજા કરવાની ભાવના સાથે કર્મચારીઓ મહેનત કરતા હોય છે. હોસ્પિટલમાં હર્બલ ગાર્ડનમાં આર્યુવૈદિક વનસ્પતિનો ઉછેર કરવામાં આવે છે. હોસ્પિટલમાં રહેવા જમવાની સુવિધાથી સજજ છે. આર્યુવેદ હોસ્પિટલને ૫૦ વર્ષ પુરા થતાં સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું. આ હોસ્પિટલમાં ફરજ બજાવતા તેમજ નિવૃત કર્મચારીઓનું અને દાતાઓનું અભિવાનદ કરવામાં આવ્યું.

# શહેરા આંબાજેટી ગામે કુણ નદીમાં ખાણ-ખનિજ વિભાગે રેઈડ કરી જેસીબી અને ટ્રેકટર મળી ૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

શહેરા,

શહેરા તાલુકાના આંબાજેટી ગામ ભરવાડ ફળિયા પાસે પસાર થતી કુણ નદીમા પોલીસ અને ખાણ ખનીજ વિભાગની ટીમ એ લીઝ વગર રેતી કાઢી રહેલ જેસીબી મશીન અને ટ્રેકટરને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જેસીબી મશીનના ચાલકને પોલીસે પૂછપરછ કરતા જેસીબી મશીન રાજેશકુમાર ઉર્ફે લાલાભાઇ જેથાભાઈ ભરવાડનુ હોવા સાથે ત્રીસ લાખ કરતાં વધુની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.શહેરા તાલુકાના ડેમલી પાસે આવેલ આંબાજેટી ગામના ભરવાડ ફળિયા પાસે પસાર થતી કુણ નદીમાં ગેરકાયદે ખનન થઈ રહેલ હોવાની માહિતી પોલીસ ઈન્સ્પેકટર રાહુલ રાજપૂતને મળેલ હતી. મળેલ



માહિતીના આધારે પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ.ડામોર સહિતનો પોલીસ સ્ટાફ તેમજ ખાણ ખનીજ વિભાગની ટીમને સાથે રાખીને કુણ નદી ખાતે પહોંચી ગયા હતા. નદી ખાતે લીઝ નહિ હોવા છતાં બિનઅધિકૃત ખનન થઈ રહેલ અને જેસીબી મશીનથી રેતી ટ્રેક્ટરમાં ભરવામાં આવી રહી હતી. નદી ખાતેથી પોલીસે જેસીબી મશીન અને ટ્રેકટરને પકડી પાડીને જેસીબી મશીનના ચાલક મહેશ બારીચાને પૂછતા એને જણાવ્યું હતું કે, આ જેસીબી મશીન રાજેશ ઉર્ફે લાલાભાઇ જેથાભાઈ ભરવાડના હોવાનું જણાવવા સાથે નદીમાંથી રેતી કાઢીને ટ્રેક્ટરમાં ભરવામાં આવતું હતું. પોલીસ દ્વારા નદી ખાતેથી જેસીબી મશીન, ટ્રેક્ટર સહિતનો મુદ્દામાલ સાથે અણીયાદ ગામ ખાતે રહેતા જેસીબી મશીનના ચાલક મહેશભાઈ અનોપભાઈ બારીયાને પોલીસ મથક ખાતે લાવવામાં આવ્યો હતો. પોલીસ અને ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા જેસીબી મશીન અને રેતી ભરેલ ટ્રેકટર સાથે અંદાજીત રૂપિયા ૩૦ લાખ કરતા વધુનો મુદ્દામાલ કબજે લેવા સાથે નદી ખાતે બિનઅધિકૃત થયેલ ખનન સ્થળ ઉપર ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા માપણી કરીને દંડકીય સહિતની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે, રાજેશ ઉર્ફે લાલા ભરવાડ દ્વારા ભૂતકાળમાં ખાણ ખનીજ વિભાગની ટીમ ઉપર હુમલો કરવામાં આવેલ હોવાની પણ માહિતી મળતી હોય ત્યારે સંબંધિત તંત્ર અને જીલ્લા કલેકટર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને ખનીજ માફિયા સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવવી જોઈએ તે પણ જરૂરી છે.

# ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં રમજાન પવિત્ર માસ પહેલા સફાઈ ગંદકી અને સ્ટીટ લાઈટની સુવિધા માટે કુરઆન જાગૃત ટ્રસ્ટ દ્વારા ચીફ ઓફિસર અને કલેકટરને આવેદન

ગોધરા,

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં સાફ–સફાઈ અને સ્ટ્રીટ લાઈટ તેમજ જાહેર માર્ગો ઉપર જામેલી ધુળ જેવી સમસ્યાઓને લઈ કુરઆન જાગૃત ટ્રસ્ટ દ્વારા પાલિકા ચીફ ઓફિસર અને જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં સાફ સફાઈ, સ્ટ્રીટ લાઈટ તેમજ જાહેર માર્ગો ઉપર જામેલ ધુળ જેવી સમસ્યાને લઈ રહિશો પરેશાન થઈ રહ્યા છે. આગામી રમઝાન માસમાં મુસ્લીમ ભાઈ–બહેનો દિવસે રોઝા રાખી રાત્રીના સમયે ખુદાની બંદગી કરતા હોય છે. રમજાનના પવિત્ર મહિના હોય ત્યારે સમગ્ર મુસ્લીમ વિસ્તારો માંથી ગંદકી, કચરો, કચરાથી ઉભરાતા કન્ટેનરો, રસ્તાઓ ઉપરથી ધુળ તેમજ ગટરોની સાફ સફાઈ અને સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવામાં આવે તેવી માંગ સાથે કુરઆન જાગૃત ટ્રસ્ટ દ્વારા પાલિકા ચીફ ઓફિસર અને જીલ્લા કલેકટરને આવેદન આપી રજુઆત કરાઈ.

# શહેરાના નવા મીરાપુર ગામે વીજ તારથી તણખલો ખરતા ખેતરના ઘઉંના પાકમાં આગ લાગી

શહેરા,

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના નવા મીરાપુર ગામના ખેતર ઉપરથી વીજ તારની મુખ્ય લાઈન પસાર થાય છે. પવનના કારણે વીજ તાર ઉપર વૃક્ષ પડતા અન્ય વીજ તાર ભેગા થઈ જતા ખેતરમાં તણખા પડ્યરા હતા. જેના કારણે ખેતરમાં તૈયાર થયેલો ઘઉંના પાકમાં આગ ભભુકી ઉઠતા પાક સળગી ગયો હતો. બનાવની જાણ ખેતર માલિક સહિત આસપાસના સ્થાનિકોને થતાં તાત્કાલિક ખેતરમાં દોડી જઈ પાણીનો છંટકાવ કરી આગ બુઝાવવાનો પ્રયાસ કરી આગ કાબુમાં લીધી હતી. આ બનાવ અંગે એમજીવીસીએલને જાણ કરવામાં આવી હતી. ખેતરમાં આગ લાગતા મોટાભાગનો ઘઉંનો પાક સળગી ગયો હતો. આ પ્રકારે અગાઉ પણ તાર ઉપર શોર્ટ સર્કિટ થતાં વીજળીના તણખા પડ્યા હતા. જોકે તે સમયે ઘઉંનો પાક લીલો હોવાથી કોઈ ઘટના બની ન હતી. બીજી તરફ અહિંથી પસાર થતાં વીજ તાર ઉપર નડતરરૂપ વૃક્ષના કારણે તેમજ મુખ્ય વીજની લાઈન ખેતરમાંથી પસાર થતી હોવાથી છાશવારે શોર્ટસર્કિટની ઘટના બનતી હોવાનુ જાણવા મળ્યુ હતુ.

# જીએફએલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૪ની ઉજવણી

ઘોઘંબા,

જીએફએલ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રણજીતનગર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રણજીતનગર ગામની મહિલાઓ તેમજ રણજીતનગર હેંડીક્રાફટ ની મહિલાઓ અને જીએફએલ કંપનીના મહિલા ક્રમચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની આ વર્ષની થીમ મહિલાઓની પ્રગતિને વેગ આપવો તે વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ગામની મહિલાઓને ભારતના પહેલા મહિલા



આઈપીએસ અધિકારી ડો. કિરણ બેદી સાથે ઓનલાઈન વાતચીત કરવાની તક આપવામાં આવી હતી. રણજીતનગર હેંડીક્રાફટ સેન્ટરની મહિલાઓ એ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ ઉપરાંત રણજીતનગર હેંડીક્રાફ્ટ માં આખા વર્ષ દરમિયાન સૌથી વધુ અને સારૂં ઉત્પાદન કરનાર મહિલા કારીગર ને સન્માનીત કરવામાં આવ્યા હતા. આ સાથે વિવિધ રમત રમાડી ને મહિલા દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી . આ કાર્યક્રમ માં ગામની કુલ ૧૨૦ થી વધુ મહિલાઓ એ ભાગ લીધો હતો.જીએફએલ દ્વારા મહિલા સશકિતકરણના ભાગ રૂપે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધે તેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમકે કૃષિ ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધે તે માટે તેમણે કૃષિ ઉદ્યોગ વિષેતાલીમ આપવામાં આવે છે. પશુ પાલન ક્ષેત્રે તેમણે આગળ લાવવા માટે પશુ ચિકિત્સા કેમ્પ અને લાભદાયી પશુપાલન ઉદ્યોગ વિષે તાલીમ આપવામાં આવે છે. મહિલાઓ ને સતત અને ટકાઉ આજીવિકા મળે તે માટે જીએફએલ દ્વારા રણજીતનગર ખાતે રણજીતનગર હેંડીક્રાફ્ટની શરૂઆત કરવામાં આવેલ છે. જ્યાં બહેનો ને નિશુલ્ક સીવણ ની તાલીમ આપી તેઓને જૂટબેગ, સોયા મિણબત્તી, રાખડી બનાવવાનું જેવા કામ આપવામાં આવે છે. જેના થકી બહેનો મહિને ચાર હજાર થી દસ હજાર રૂપિયા સુધી કમાય છે.

# પાવાગઢ મંદિર પરીસરમાં પ્રથમ વખત વિશાળ સંત સંમેલન ચોજાશે

હાલોલ,

પાવાગઢ શક્તિપીઠ ખાતે માતાજીના નવીન શિખર મંદિર પર વડાપ્રધાનના દવજારોહણ કાર્યક્રમ બાદ ૧૨ માર્ચે પ્રથમ વખત વિશાળ સંત સંમેલનનુ આયોજન કર્યુ છે. અખિલ ભારતીય સંત સમિતિ તેમજ વિહિપ ગુજરાતના આમંત્રણ કરેલ છે. શ્રી કાલિકા માતાજી મંદિર પાવાગઢ આ કાર્યક્રમનુ યજમાન છે. ૨૨ જાન્યુઆરીના રોજ અયોદયા મુકામે શ્રી રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં સાક્ષી બનેલા સંતોનુ સન્માન મંદિર ટ્રસ્ટ દ્વારા કરાશે.સંમેલનમાં ફકત અયોધ્યામાં જે હાજર સંતો હતા એ જ અપેક્ષિત રહેશે.આશરે ૨૫૦ થી વધારે સંતો સંમેલનમાં ઉપસ્થિત રહેશે.સાંજે ૩.૩૦ કલાકે સૌ સંતો સાથે મળી દવજારોહણ કરશે. ત્યારબાદ પાવાગઢ પર્વત ઉપર મંદિર ટ્રસ્ટ દ્વારા ૫૧ શક્તિપીઠનો પરીક્રમા પથની કામગીરી પ્રગતિ પર છે. તે ૫૧ મંદિરોનો એકસાથે ભુમિપુજન હાજર પુજનીય સંતોના હસ્તે થશે.કાર્યક્રમની અન્ય માહિતી આ કાર્યક્રમના અદયક્ષ પરમ પુજય સંત શ્રી અવિચલદાસજી દ્વારા આપશે. કાર્યક્રમની સુચિ મુજબ અયોદ્યા ખાતે શ્રીરામ જન્મ ભુમિ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેલ સંતો મહાત્માશ્રીઓ જ કાર્યક્રમમાં અપેક્ષિત રહેશે.કાર્યક્રમની પ્રસ્થાવના શ્રી પ.પુ.સપ્તમ કુવેરાચાર્ય જગદગુરૂ, શ્રી અવિચલ દેવાચાર્ય મહારાજશ્રી સારસા રાષ્ટ્રિય અદયક્ષી અખિલ ભારતીય સંત સમિતિ, મુખ્ય વકતા પ.પુ.દંડી સ્વામીશ્રી જીતેન્દ્રાનંદ સરસ્વતીજી મહામંત્રી શ્રી અખિલ ભારતીય સંત સમિતિ જયારે અતિથિ વિશેષ તરીકે અશોક તિવારી કેન્દ્રિય ઘર્માચાર્ય પ્રમુખ વિશ્વ હિન્દુ પરીષદ દિલ્હી હાજરી આપશેનુ જાણવા મળેલ છે.

# ગોધરા લીલેસરા બાયપાસ ચોકડી સારંગપુર ખાતે રૂના કારખાનામાં આગ લાગતાં ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો

ગોધરા,

શહેરના વડોદરા હાઈવે માર્ગ પાસે આવેલ લીલેશરા બાયપાસ ચોકડી સારંગપુર નજીક એક રૂ ના કારખાનામાં શોર્ટ સર્કિટ ના કારણે આગ ભભૂકી ઉઠતાં અફડા તફડી મચી જવા પામી હતી. જેના કારણે કારખાના ના માલિકે તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડને જાણ કરતા તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી રૂ ના કારખાનામાં માં લાગેલી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા આવી હતી.ગોધરા શહેરના વડોદરા હાઈવે માર્ગ પાસે આવેલ લીલેશરા બાયપાસ ચોકડી સારંગપુર નજીક રોચલ ફોર્મ એન્ડ ફનીચર નામના એક રૂ ના કારખાનામાં આજરોજ બપોરના સુમારે એકાએક શોર્ટ સર્કિટ ના કારણે આગ લાગી હતી. જેના કારણે આજુબાજુમાં અફડા તફડી મચી જવા પામી હતી. જેથી રોચલ ફોર્મ એન્ડ ફનીચર ના માલિકે તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડ ને જાણ કરતા ફાયર બ્રિગેડ ના જવાન તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને રૂ ના કારખાનામાં લાગેલી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા આવી હતી.જયારે આગ લાગવાના બનાવમાં કેટલું નુકશાન થયુ છે, તે હજુ સુધી જાણવા મળેલ નથી.

# ગોધરા તાલુકાના ભેખડિયા ગામે મેડિકલ વેસ્ટ નાંખી આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં

ગોધરા,

ગોધરા તાલુકાના ભેખડિયામાં આવેલા ઠાગાવાડા ફળિયા જવાના માર્ગ પાસે કોઈ અજાણ્યા ઈસમો દ્વારા મેડિમલ વેસ્ટનો જથ્થો નાંખી દેવાયેલો જોવા મળ્યો હતો.

મેડિકલ વેસ્ટમાં ઈન્જેકશન, મેડિકલ ડ્રેસિંગનો વેસ્ટ, સીરીંઝ અને દવાના ખાલી બોટલના ઢગલા જોવા મળ્યા હતા. પશુઓ મેડિમલ વેસ્ટ ખાવાની શકયતાઓને લઈને ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો હતો. કોઈ અજાણ્યા ઈસમો દ્વારા આ વિસ્તારમાં મોટી માત્રામાં મેડિકલ વેસ્ટ ફેંકવામાં આવ્યો હોવાનુ અનુમાન લગાવાઈ રહ્યુ છે. ગ્રામ વિસ્તારોમાં રહેતા લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા આવા ઈસમો સામે પગલા ભરવાની માંગ ઉઠવા પામી છે.

# ગોધરા તાલુકાના જાલીયા ગામના ૩૦ વર્ષિય યુવાને ઝેરી દવા પી જતાં સારવાર માટે સિવિલમાં ખસેડાયો

ગોધરા,

ગોધરા તાલુકાના જાલીયા શિકારીયા ફળિયામાં રહેતા ૩૦ વર્ષિય યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં દવા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ ગોધરા તાલુકાના જાલીયા ગામે શિકારીયા ફળિયામાં રહેતા મહેન્દ્રભાઈ નટુભાઈ પરમાર(ઉ.વ.૩૦)એ ૩ માર્ચના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ઝેરી દવા પી ગયેલ હોય જેથી તાત્કાલિક સારવાર માટે કાંકણપુર સીએચસી અને વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી.

# દાહોદ ગર્લ્સ સ્કુલમાં ધો.૧૨ની બોર્ડ પરીક્ષા આપેલ વિદ્યાર્થીનીઓને ફુલ અને મોં મીઠું કરાવી ધારાસભ્ય, કલેકટર દ્વારા શુભેચ્છા આપી

દાહોદ,

દાહોદ શહેરમાં ગર્લ્સ સ્કૂલમાં ધોરણ–૧૨ની બોર્ડની પરીક્ષા આપવા આવેલ દીકરીઓને ફૂલ આપી અને મોઢું મીઠું કરાવીને શુભેચ્છા પાઠવવામાં આવી. જેમાં દાહોદ વિધાનસભાના ધારાસભ્ય કનૈયાભાઈ કિશોરી અને કલેકટર યોગેશભાઈ નિરગૂડેજી, જીલ્લા પંચાયતના સભ્ય દાહોદ શહેર અને ગ્રામ્યના મંડલ પ્રમુખ અને મહામંત્રી જીલ્લા મહિલા મોરચા, પ્રમુખ દાહોદ નગરપાલિકા ઉપપ્રમુખ કાઉન્સિલર ભાઈઓ અને બહેનો અને મહિલા મોરચાના મહામંત્રી તથા કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલ સહિત ગોધરામાં ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા ખાતે ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડની પરીક્ષાના પ્રારંભ થયો હતો. પરીક્ષાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં નિર્ભયતા પૂર્વક પરીક્ષા આપી શકે માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રોમાં સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બોર્ડની પરીક્ષાના પ્રથમ પેપર સમયે એમ એન્ડ એમ મહેતા હાઈસ્કુલ ગોધરાના પરીક્ષા કેન્દ્ર ઉપર જીલ્લા કલેકટર, જીલ્લા શિક્ષણાધિકારી અને જીલ્લા શિક્ષણ સમિતિ ચેરમેને હાજર રહીને વિદ્યાર્થીઓને આવકારી ગુલાબનું ફુલ આપી મોં મીઠું કરાવી શુભેચ્છા આપી હતી.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં આજ થી શરૂ થયેલ ધો.૧૦ અને ધો.૧૨ના બોર્ડની પરીક્ષામાં પોતાના બાળકોને પરીક્ષા કેન્દ્ર ખાતે મુકવા માટે ઉમટી પડયા હતા. ધો.૧૦ની પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને મુકવા આવેલ વાલીઓ ભયમુકત રીતે પરીક્ષા આપવા હિંમત આપતા જોવા મળ્યા હતા. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થીઓ સરળતાથી પોતાની બેઠક વ્યવસ્થા શોધી શકે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તમામ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પરીક્ષા યોજાઈ હતી. PATA એપ્લીકેશન દ્વારા બોર્ડના પ્રશ્નપત્રો ઝોનલ કચેરીથી પરીક્ષા ખંડ સુધી પહોંચે ત્યાં સુધી ટ્રેકિંગ કરવામાં આવી. તેમજ પરીક્ષા ખંડમાં ખંડ નિરીક્ષકોને ડ્રો સિસ્ટમ આધારે પરીક્ષા ખંડમાં મોકલવામાં આવ્યા હતા.

# ગોધરા હમીરપુર રોડ મકકી મસ્જિદ પાસે ભત્રીજીનો સામાન લેવા આવેલા આરોપીઓને ગામના માણસો લઈ આવવાનુ કહેતા ગાળો આપી માર મારતા ફરિયાદ

ગોધરા,

ગોધરા હમીરપુર રોડ મકકી મસ્જિદ ખાતે ફરિયાદીના ઘરે આરોપી તેમની ભત્રીજીનુ સરસામાન લેવા આવ્યા હતા. જેથી ફરિયાદીએ તમારા ગામના બે માણસોને લઈને આવો તેમ કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા હમીરપુર રોડ મકકી મસ્જિદ ખાતે રહેતા ખાલીદા સિદ્દીક અ.રહીમ ઘાંચીભાઈના ઘરે આરોપી ખૈરૂન્નીસા અહેમદ તોતલ તેઓની ભત્રીજી સાજેદાનુ સરસામાન તથા નાના છોકરાના કપડા લેવા આવ્યા હતા. જેને લઈ ખાલેદા અને સિદ્દીક ઘાંચાભાઈએ તેમને તમારા ગામ દરૂણિયાના બે માણસો લઈને આવો તેમ કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા ગોધરા બી–ડીવીઝન પોલીસ મથકે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.169